# : સાંસ્કૃતિક ડાયસ્પોરા :

શ્રી સંજયકુમાર પી.રાણા
પી.એચ.ડી.વિદ્યાર્થી,સમાજશાસ્ત્ર વિભાગ,

પ્રસ્તાવના :

પ્રાચીન સમયમાં માનવી પોતાનું જીવન રખડતું અને ભટકતું પસાર કરતો હતો. સમયના વહેંણની સાથે તે સમજતો થયો ત્યારે અગ્નિની શોધથી કાચું વસ્તુની જગ્યાએ પાકી વસ્તુઓ બનાવીને ખોરાક લેતો થયો તેમજ  ખેતીવાડીના ઓજારો વડે ખેતી કરવા માંડયો ત્યારે ખરા અર્થમાં માનવી પોતાનું જીવનધોરણ ઊંચું લાવ્યો. અને અર્વાચીન યુગમાં તે ગ્રામ્ય અને જંગલનું જીવન છોડીને શહેર તરફ પ્રયાણ કરે છે. સંસ્કૃતિ એટલે શું ? આ પ્રશ્ન ખૂબ વિશાળ અને જ્ઞાન માંગી લે એવો છે. સંસ્કૃતિ વિશેની વાતો પહેલા આપણે તેની વિભાવના જાણવું ખૂબ જરૂરી છે. સંસ્કૃતિ વિશેની વાત કહીએ તો જે લોકોમાં રહેણીકરણી, રીત–ભાત, પહેરવેશ, વાણી તેમજ રીતિ–રિવાજો વિશેની બધી જ બાબતો સંસ્કૃતિમાં આવે છે, એટલે કોઈપણ વ્યકિતની ઓળખ તેની સંસ્કૃતિથી થાય છે. જેથી વ્યકિત કયા ધર્મનો, કઈ  જ્ઞાતિનો છે તે પણ તેની સંસ્કૃતિ દ્વારા ઓળખ મેળવી શકાય છે અને તે પેઢીદર પેઢી આ પરંપરા ચાલતી આવેલ છે.

' સંસ્કૃતિ શબ્દ  *सम्*  + *कृ* ધાતુ પરથી ઉતરી આવ્યો છે સંસ્કૃતિ માટે અંગ્રેજી ભાષામાં વપરાતો શબ્દ 'Culture' જર્મન ભાષાના ' Kulture ' પરથી ઉતરી આવેલ છે.

સંસ્કૃતિ એટલે જયારે માનવીઓ એક સાથે રહે છે ત્યારે તેઓની વચ્ચે જુદું, વિશિષ્ટ અને રમણીય જેવા અલગ–અલગ ગુણો તેઓની વચ્ચે જુદા તરી આવે છે અને ત્યારે તેને સંસ્કાર, સંસ્કૃતિ, સભ્યતા કે વિશિષ્ટતા તરીકે ઓળખી શકીએ.

**ટાઈલર**ના મત મુજબ " સમાજના સભ્ય તરીકે માનવી જે સંકુલ વિશિષ્ટતાનું એકમ સર્જે છે એનું નામ સંસ્કૃતિ. જેમાં આખું સામાજિક જ્ઞાન, માન્યતા, કલા, નૈતિક ભાવના, કાયદો, રૂઢિ વિશિષ્ટ શકિતઓ અને દેવભાવનાનો સમાવેશ થાય છે. "

**ફોલસમ**ના મત મુજબ " સંસ્કૃતિ એટલે માનવીનું કરેલું સકલ કાર્ય – All that is artificial – જેમાં યંત્રો અને ઓજારો તેમજ જીવનના સર્વ વલણો આવી જાય – જે માનવીએ વિકસાવ્યાં હોય અને પેઢી દર પેઢી વારસામાં ઉતરી આવ્યા હોય."

સંસ્કૃતિ એ સ્થિર ગુણ ધરાવતી નથી તે હંમેશા ગતિશીલ રહે છે. તેમાં સમયના બદલાવ સાથે પરિવર્તન આવ્યા કરે છે. તેમાં મૂળ સંસ્કૃતિમાં નવા તત્ત્વો સાથે તેનો વિકાસ થાય છે અને કેટલાક નાશ પામે છે. સંસ્કૃતિના વિકાસના મુખ્ય ત્રણ સોપાન છે.

(૧) પ્રાથમિક અને જંગલી અવસ્થા

(૨) અસભ્ય અવસ્થા

(૩) સભ્ય અવસ્થા

સંસ્કૃતિમાં સમયની સાથે તેમાં બદલાવ પણ આવે છે પણ તે મોટાપાયે થતાં નથી. તેમાં થોડા બદલાવ કે તેની રીત પણ જુદી હોય છે. પણ તેની જુની સંસ્કૃતિ સાથે તેનો તાલ–મેળ થતો રહે છે. સંસ્કૃતિમાં જે લોકો પોતાની સંસ્કૃતિ સાથે તેના વતનથી અન્ય જગ્યાએ જાય છે ત્યાં તેને નવી સંસ્કૃતિ જોવા મળે છે. તેની યોગ્ય સંસ્કૃતિને અપનાવી તેની વંશપરંપરાગત સંસ્કૃતિમાં બદલાવ લાવી શકે છે.

સંસ્કૃતિ લોકો માટે નિયમો, શિસ્ત, પરંપરા વગેરે જેવા નિયમોથી બનેલી હોય છે. એટલે કે લોકો જેમાં લગ્ન પ્રસંગે, મૃત્યુ પ્રસંગે, જન્મ પ્રસંગે  વગેરે જેવી સમાજને લગતી વિધી કે પ્રસંગ અંગેની મર્યાદા તે પણ તેની સંસ્કૃતિ દ્વારા નક્કી થાય છે.

આથી ભારત દેશમાં જુદીજુદી જાતિ/ જ્ઞાતિના લોકો રહે છે.તે પોતાની આગવી ઓળખ તેની સંસ્કૃતિના આધારે નજરે પડે છે. આમ ભારતની વિવિધ નીતિના કે ધર્મના લોકો વિશ્વના વિવિધ દેશોમાં સ્થિર થયા પછી તેમના જીવનમાં ભારતીય સાંસ્કૃતિક વિચારધારા જીવતી જાગતી જોવા મળે અને એમાં કોઈ પરિવર્તન ન થતા ત્યાંની ભૌગોલિક પરિસ્થિતિ આધીન ઉત્સવો, પ્રસંગો, સંબંધો ઉજવાય અને એમાંથી જે નવીનત્તમ વિચારો પ્રભાવી થાય તેને ભારતીય ભાષામાં કે સમજણમાં ડાયસ્પોરા કહેવાય જેથી હવે તે અંગેની સાંસ્કૃતિકતા માટે હવે તેની સાચી સમજ ડાયસ્પોરાની સાંસ્કૃતિકતા અંગે જાણીએ.

- **ડાયસ્પોરા :**

ડાયસ્પોરા વિશેની માહિતી આપણે ભારતના ગુજરાત રાજયના દક્ષિણ ગુજરાતમાં વસતા બારડોલી તાલુકાના ગામોમાં રહેતા બિનનિવાસી ગુજરાતીઓ કે રહેવાસીઓના સંદર્ભ માટે કરવામાં આવેલ છે. આ ગામોના લોકો ભણી ગણીને વધુ પૈસા કમાવવાની દોટના કારણે અન્ય દેશોમાં પરદેશાગમન કરે છે તેને ડાયસ્પોરા શબ્દ તરીકે ઓળખાય છે. જેથી ડાયસ્પોરાની અંદર સ્થળાંતર શબ્દ સમાયેલો છે. માનવી પ્રાચીન સમયથી પોતાના અંગત કે અન્ય કારણોસર ઘર, સમાજ, પોતાનું વતન, રાજય કે દેશ છોડીને બીજા સ્થળે સ્થળાંતર કરતો રહે છે. જેમ જેમ ટેકનોલોજીનો વિકાસ તેમજ લોકોને જીવન જરૂરિયાતની સુવિધામાં વધારો થવાથી માનવી એક સ્થળેથી બીજા સ્થળે સ્થળાંતર કરે છે. કોઈ વ્યકિત રોજી રોટી માટે, ધંધા માટે, ઉજ્જ્વળ ભાવિના તેમજ કુંટુંબના જીવનધોરણના સુધારણાના ભાગરૂપે એક ગામ, રાજય કે દેશ છોડીને અન્ય જગ્યાએ જાય છે. જેથી આવી સ્થળાંતર કરી ગયેલ લોકોને ડાપસ્પોરા અથવા બિનનિવાસી ગુજરાતી કે ભારતીય જેવા શબ્દથી ઓળખાય છે.

ડાપસ્પોરા કે જે અન્ય જગ્યાએ જઈને સ્થાયી થયેલા હોય છે. જયારે અન્ય સેવા ડાયસ્પોરા હોય છે કે જે એક સ્થળેથી બીજા સ્થળે અને ત્યારબાદ ત્રીજા સ્થળે જઈ સ્થિર થાય છે.

" Diaspora " શબ્દ યહૂદીઓની હિજરત, આવી હિજરત કરી યહૂદીઓ વસ્યા હોઈ તે દેશ".

આ તો થઈ આધાર પુરાવાની વાત પણ પરદેશમાં જે કોઈ ભારતીય સ્થિર થયેલો હોય અને તે સ્વદેશ આવે ત્યારે તેનામાં કોઈ સાંસ્કૃતિક પરિવર્તન થાય તેને ડાયસ્પોરાની વિભાવના આપી શકાય.

- **સાંસ્કૃતિક ડાયસ્પોરા :**

સાંસ્કૃતિક ડાપસ્પોરામાં જે વ્યકતિઓ પોતાનો દેશ છોડી અન્ય દેશોમાં જાય છે ત્યારે ત્યાંની સંસ્કૃતિ અને પોતાના દેશની કે જે વંશ પરંપરાગત ચાલતી આવતી સંસ્કૃતિ વચ્ચેના તાલમેલથી તેનામાં આવતા પરિવર્તનો અનુભવે છે.

ભારતીય સ્ત્રીઓ જયારે નાની ઉંમરમાં વિધવા થાય ત્યારે તે પુનઃ લગ્ન તેના પુત્રો કે સમાજને લીધે કરી શકતી નથી. ભારતીય સ્ત્રીઓ જયારે ડાયસ્પોરા હોઈ અને અમેરિકામાં વસવાટ કરતી હોય ત્યારે નાની ઉંમરમાં વિધવા થાય ત્યારે તે બીજા લગ્ન કરી શકે છે. ત્યાં કોઈપણ વાતને પ્રતિબંધ નથી. વળી તેની અટકમાં જે નવા વ્યકિત સાથે લગ્ન કરે છે. ત્યારે તેની અટક પણ તેની સાથે રાખી બંને અટકથી ઓળખવામાં આવે છે. વધુમાં ત્યાં ધર્મપત્નીનો પ્રયોગ થતો નથી. જયારે ભારતમાં ધર્મપત્નીનો ઉપયોગ થાય છે અને બંને દેશોમાં કયાંય ધર્મપતિનો પ્રયોગ થતો નથી. જો પત્નીઓ બે પ્રકારની હોય તેમ લાગે છે. (૧) ધર્મપત્ની (૨) પત્ની. જયારે પતિ ધર્મપતિ જ હોય તેથી તેને ધર્મપતિ કહેવામાં આવતા નથી.

બીજુ ભારતીય સ્ત્રી પુરુષમાં સંસ્કૃતિમાં વધારે પડતું સ્ત્રીઓમાં પર જ વધારે ધ્યાન આપવામાં આવે છે. પુરુષોને તેમાં છુટછાટ કે મર્યાદાના બંધન નડતા નથી.જયારે સ્ત્રીઓને મર્યાદાનું પાલન કરવું પડે છે. જયારે અન્ય દેશોમાં ગમન કરેલ ભારતીયો સ્ત્રીઓ અન્ય સંસ્કૃતિને સાથે મેળ બેસાડીને ગમે તેટલા લગ્ન કરી શકે જયારે ભારતમાં તે અંગે પ્રતિબંધ હોય છે. એટલે કે વિધવા જીવન જીવવું પડે છે. ઘૂંઘટમાં રહેવું પડે છે.

દેશમાં દરેક ભારતીય પોતાના જાતિ કે ધર્મના આધારે અલગ અલગ મંદિર બનાવીને તેના પૂજાપાઠ અને આરતી કરે છે. જયારે અમેરિકામાં બધા જ ભારતીયો ભેગા મળીને એક જ મંદિરમાં ભેગા મળીને પૂજાપાઠ અને આરતી કરે છે.

ભારતમાં લોકો સાદગીપૂર્ણ જીવન જીવે છે. એટલે કે લોકો જરૂરિયાત મુજબના સાધનો કે વસ્તુઓનો વપરાશ કરે છે. જેથી લોકોની માંગમાં વધારો થતો નથી અને ઉત્પાદનવૃધ્ધિની જરૂર રહેતી નથી. જયારે અન્ય દેશોમાં વસતા ભારતીયો આનંદ પ્રમોદથી જીવન જીવે છે. જેવી રીતે શનિ અને રવિના 'વિક એન્ડ' પર દૂર સુધીના સ્થળે પિકનિક મનાવા નીકળે છે, હોટલોમાં રોકાણ કરે છે. ફોટાઓ પાડે છે. મોજ મસ્તી અને રંગરેલીયા મનાવે છે. કમાઈ કરતાં વધારે ખર્ચ કરે છે. જેને લીધે અમેરિકાનું અર્થતંત્ર મજબૂત છે કારણ કે લોકો જેટલી વસ્તુની માંગ વધારે છે તેટલી વસ્તુની ઉત્પાદનની માંગ વધે છે અને રોજગારી પણ તેને લીધે વધે છે. વળી, પોતાના બાળકો માટે ખેલકુદના સાધનો અને હોટલમાં રહીને બાળકોને ખુશ કરે છે.

ભારતમાં વસતા પટેલ લોકો કે જે સૌથી વધારે ભારતની બહાર ગયેલા છે તેની મૂળ સંસ્કૃતિમાં નજર નાંખીને જોઈએ તો કન્યાના લગ્ન પ્રસંગે કન્યાના માતાપિતા તરફથી દહેજ આપવાની પ્રથા છે તેમાં પણ સૌથી વધુ સોનું અને પુત્રીની બધી જ જરૂરિયાત એટલે મરણ સુધીની તમામ ખર્ચ પુરો પાડે છે. જો છોકરી તંદુરસ્ત હોઈ તો સાસરે રહે છે અને બિમાર પડે તો પિયર મોકલી આપવામાં આવે છે. સોના વગર કન્યાના લગ્ન કરવા અશકય થાય છે. જેને કારણે લોન લઈને પણ તે પુરું કરવું પડે છે. જેને લીધે તેમની સ્થિતિ દયનીય બની જાય છે. જેથી ૫૦ થી ૬૦ ટકા પટેલ લોકો દેવાને લીધે સાહસી બની અન્ય દેશોમાં વધુ કમાવવા જાય છે. ત્યાં સાદું જીવન અને સીમિત જીવન જીવવાનું શીખી જાય છે. એટલે ચરોત્તર પ્રદેશમાંથી પટેલો જ વિદેશમાં ગયા જયારે અન્ય જ્ઞાતિઓનું પ્રમાણ નહિવત હતું તેનું મુખ્ય કારણ જરૂરિયાત તેમજ સાંસ્કૃતિક રીતિ–રિવાજો પણ વધુ હતા. જેના લીધે તે પુરું કરવા વધુ આવક માટે તેઓ વિદેશમાં ગયા. તેઓ પોતાની સાહસવૃત્તિ, મુસીબતો અને જોખમ ઉઠાવવાની ક્ષમતાના કારણે દેશ–વિદેશમાં ગયા છે. વધુમાં તેઓમાં લગ્ન બાબતે ભારતમાં 'પટેલ' જ્ઞાતિમાં લગ્ન કરે છે. તેનાથી વધુ તેઓના અમુક ગામો સુધી લગ્ન સંબંધી વર–વધુની પસંદગી કરે છે. જયારે હવે તેઓએ તો અમેરિકામાં એક ફેડરેશન બનાવ્યું છે. અને નવી પેઢી તો આ જુની માન્યતા તોડી તેની આગળ નીકળી લગ્ન કરવા લાગી છે.

આવું જ વ્યકિતઓની પોતાની સંસ્કૃતિ બીજી ભિન્ન સંસ્કૃતિના સંપર્કમાં આવવાથી તેમાં પરિવર્તનો જોવા મળે છે.

(૧) ખેતી

(૨) સામાજિક/ પારંપારિક રિવાજો અને પ્રસંગો

(૨.૧) સ્ત્રીનું મહત્ત્વ ( નારીના લગતા મહત્ત્વના પ્રસંગો )

(૨.૨) મુત્યુ

(૨.૩) પોશાક

(૨.૪) મેળા / સમાજના સંમેલનો

(૨.૫) ઊંચી ખરીદશકિત ( જીવણધોરણ )

(૨.૬) ઉત્સવો, પર્વો

(૨.૭) તીર્થોનું મહિમા

(૨.૮) ખોરાક

(૩) સંસ્કારો

(૪) કુદરતી આફતો

(૫) રૂઢિચુસ્તમાંથી Flexible (સંપૂર્ણ સ્વતંત્રતા)

**(૧) ખેતી :**

ભારતના ખેડૂતો જે દક્ષિણ ગુજરાતમાં વસે છે. જે પરંપરા મુજબ હળ અને બળદને જોડીને ખેતીવાડી કરતા હતા. વધુમાં ખેતીવાડીમાં વપરાતા સાધનો પણ તેઓ જૂની પદ્ધતિઓ મુજબ ખેતી કરતા હોવાથી ખેતીના ગુણવત્તા તેમજ જથ્થામાં તેમને નુકસાન થતું હતું. જેથી તેમનું જીવનધોરણ તેમજ આર્થિક પરિસ્થિતિ વધુ કથળતી રહે છે. જેને કારણે તેમના પર દેવું વધી જાય છે. પરિણામે હાલના સમયે ખેડૂતની આત્મહત્યાના કિસ્સા સૌરાષ્ટ તેમજ મધ્ય ગુજરાતના પ્રદેશોમાં સૌથી વધારે પ્રકાશમાં આવ્યા છે. ગુજરાતની બહાર મહારાષ્ટ્ર અને પંજાબ જેવા રાજયો પણ આવા કિસ્સા હાલ વધુ પ્રકાશમાં આવ્યા છે.

જયારે આ પ્રદેશના લોકો અન્ય દેશમાં પરદેશાગમન કરી ત્યાં સ્થાયી થઈ ત્યાં ખેતી કે અન્ય વાણિજયને લગતા ધંધામાં રોજગારી કે માલિકી દ્વારા ત્યાંની ઉત્પાદકતા તેમજ ગુણવત્તા વિશેની માહિતીથી માહિતગાર થાય છે કે તેઓ નવી પધ્ધતિઓ જેવી કે હળ કે બળદની જગ્યાએ ટ્રેકટર, ખૂરપી કે ધારીયાની જગ્યાએ કલ્ટીવેટર મશીન, પાણીની જૂની સિંચાઈ પદ્ધતિને બદલે ટપક કે અન્ય મોર્ડન ટેકનોલોજીના કારણે ઉત્પાદકતામાં વધારો કે જે ખેડૂત ભારતમાં બે વર્ષમાં જે ઉત્પાદકતા મેળવે તે ત્યાં નવી ખેતી પ્રધ્ધતિ મુજબ એક વર્ષમાં મેળવી સમુદ્ધ થાય છે. વધુમાં નવી ટેકનોલોજીના કારણે વર્ષમાં બે થી ત્રણ વખત પાક ઉત્પાદન કરતા થયા છે. જેથી આવા ભારતીયો જયારે પરદેશ જઈને પરત આવે ત્યારે તેને નવી પદ્ધતિ મુજબ ભારતમાં ખેતી કરી તેના કુંટુંબીજનોની પરિસ્થિતિમાં બદલાવ લાવી શકે છે.

**(૨) સામાજિક / પારંપારિક રિવાજો અને પ્રસંગો :**

માનવીના જીવનમાં જૂની પરંપરા, સમાજ, સમાજના રિવાજો અને પ્રસંગો જેવી ઘટનાઓના આધારે તેનું ઘડતર તેમજ તેમાં આવતા પરિવર્તનના દર્શન જોવા મળે છે. જેને કારણે જે તે સમાજ / જ્ઞાતિ કે વર્ણની છબીના દર્શન થાય છે. જેથી આવા પ્રસંગો કે રિવાજો માટે નીચે મુજબના કેટલાક મુદ્દાની ચર્ચા કરવાનું મન થાય છે.

**(૨.૧) સ્ત્રીઓનું મહત્ત્વ :**

ભારત જેવા દેશમાં સ્ત્રીઓનું મહત્ત્વ ખૂબ જ ઓછું અંકાયુ હોય તેવું જણાય છે. જેનું મુખ્ય કારણ તેઓ પરાવલંબી જોવા મળે છે. તેનું કારણ આપણો સામાજિક દરજ્જો. સમાજમાં સ્ત્રીઓ એટલે ઘરને સાચવવાનું, છોકરાની સંભાળવાનું, રસોડું વગેરે જેવા ઘરોના કામના ભારણથી તે આર્થિક દૃષ્ટિએ સ્વાવલંબન પ્રાપ્ત કરી શકતી નથી. કારણકે ઘરના કાર્યોમાંથી બહાર આવી તે નોકરી કે અન્ય કામગીરી કરી આર્થિક રીતે સધ્ધર થઈ શકતી નથી. જેથી તે અન્યાય સહન કરીને પોતાના સાસરે વેદના સહન કરીને રહે છે. જયારે તેની પર વધારે અન્યાય થાય ત્યારે તે સળગીને આત્મહત્યાના કિસ્સા સૌથી વધારે જોવા મળે છે. વળી, લગ્નમાં કન્યાપક્ષે દહેજ જેવા કિસ્સા સૌથી વધારે જોવા મળે છે. જેથી તેના પિતા માટે પણ તે 'સાપનો ભારો' જેવી પરિસ્થિતિ બની રહે છે. વળી, ભારતમાં સામાજીક વ્યવસ્થા મુજબ છોકરીના લગ્ન માટે છોકરાની પસંદગી તેના માતા–પિતા કરે છે. તે પણ સમાજમાં કેવા છોકરા કે જે દારૂડિયા હોય કે ગુંડાતત્ત્વ ધરાવતા હોવા છતાં તેની દીકરીના જીવનની ચિંતા વગર સમાજમાં ઈજ્જત રાખવા તેની સાથે લગ્ન કરાવી નાંખે છે.

જયારે ભારતીય ડાયસ્પોરા ભારત છોડી અન્ય દેશમાં જાય ત્યારે ખાસ કરીને મહિલા આર્થિક રીતે સદ્ધર એટલે કે ઘરના કામો છોડી બહાર નોકરી કે અન્ય ધંધામાં રોકાયેલ હોય તેને આર્થિક સ્થિતિ ઉંચી જતી હોવાથી તેના પર કોઈ શોષણ કરવામાં આવતું નથી કે તે આત્મહત્યા

કરતી નથી અને તે પુરુષની સમકક્ષ જીવન પસાર કરે છે. ઘરના બંધન જેવા કે ઘરમાં લાજ રાખવાની કે ઘુંઘટ કે બુરખા છોડીને પુરુષની જેમ સ્વતંત્રતાથી જીવન જીવે છે અને જો તેની સાથે અન્યાય થાય તો તેની સામે કાયદાકીય રક્ષણ મેળવીને પણ તેની સ્વતંત્રતા પ્રાપ્ત કરે છે. લગ્ન માટે પણ જયારે છોકરા અને છોકરીને એકબીજાને પસંદ પડે ત્યારે તેઓ જન્મકુંડળી કે અન્ય વસ્તુ મેળવ્યા વગર જ લગ્ન કરે છે. વળી, તો સગાવ્હાલાં કે કુંટુંબજનોની પરવા કર્યા વગર એકલા લગ્નગ્રંથિથી જોડાય છે. વળી, ભારતીય સ્ત્રીઓ પરદેશમાં પોતાના પસંદગીથી પોતાના વરની પસંદગી કોઈપણ જાતના દબાવમાં આવ્યા વગર કરે છે.

**(૨.૨) મૃત્યુ :**

ભારતીયમાં જો કોઈ વ્યકિતનું મૃત્યુ થાય ત્યારે તેને સામાજિક પરંપરા અને રિવાજો મુજબ શોકની પરિસ્થિતિનું નિર્માણ થાય છે એટલે કે ૧૨ દિવસની વિધિ, તર્પણ વિધિ તેમજ સમાજ ભેગો થવાની તેમજ જમાડવાની વગેરે જેવા રિવાજોને કારણે ખર્ચ અને સમય વધુ વેડફાય છે.

ભારતીયો જયારે અન્ય દેશમાં વસવાટ કરતા હોય ત્યારે કોઈ વ્યકિતનું મૃત્યુ થાય ત્યારે પોતાના ઘરના સભ્યો ભેગા મળી એક દિવસની વિધિ પૂર્ણ કરી ફરીથી પોતપોતાના કામ ધંધે લાગી જાય છે તેમજ મૃત્યુને લગતી અન્ય વિધિ માટે બધા જ વ્યકિતઓને સમય ન હોય તો ઘરના જ સભ્યો તે અંગેની વિધિ પૂર્ણ કરે છે. આ મુજબ સમયના વહેણની સાથે સંસ્કૃતિમાં બદલાવ આવેલ છે.

**(૨.૩) પોશાક :**

ભારતીયોનો પહેરવેશ જૂની પ્રણાલી મુજબ પુરુષો કફણી–ધોતી, શર્ટ–પેન્ટ વગેરે પહેરે છે. જયારે સ્ત્રીઓ સાડી કે બુરખા પહેરે તેમજ લાજ કાઢે કે ઘુઘંટ ઢાંકીને ઘરમાં કે બહાર જાય છે અને સમાજના મર્યાદાના નિયમ મુજબ આચરણ કરે છે.

જયારે ભારતની બહાર વસેલ ભારતીય ડાયસ્પોરા અન્ય સંસ્કૃતિના સંપર્કમાં આવીને જૂની પરંપરા મુજબના પહેરવેશ છોડીને પુરુષો જીન્સ પેન્ટ, ટી–શર્ટ કે બરમુડા વગેરે જયારે સ્ત્રીઓ સાડીઓ છોડીને ડ્રેસ, કુર્તા, લેગીન્સ વગેરે જેવા આરામદાયક વસ્ત્રો પહેરીને નોકરી, ધંધામાં કે અન્ય જગ્યાએ સરળતાથી આરામદાયક કામગીરી કરતી થઈ છે. આથી કામગીરીને અનુરૂપ પહેરવેશ પહેરી જીવન પસાર કરતા થયા છે.

**(૨.૪) મેળા / સમાજના સંમેલનો :**

ભારતીય સંસ્કૃતિના ઈતિહાસમાં ડોકુ નાંખી જોઈએ તો ખબર પડશે કે લોકોને જે પ્રમાણે ખરીદી કરતા હતા તે મુખ્યત્વે દુકાન પર જઈ અથવા હાટ ભરાઈ તેમાંથી કરતા હતા અને તે હાટ પણ નિયમિત ભરાતા હતા. જયારે મેળાએ સમયાંતરે વાર તહેવારે એટલે કે દિવાળી, હોળી, શ્રાવણ માસ વગેરે જેવા સમયે મેળા ભરાતા હતા. જેથી તેમાં વસ્તુઓની ખરીદ–વેચાણ થતું હતું જેના કારણે લોકો પરસ્પર ભેગા મળીને એક જગ્યાએથી બીજી જગ્યાએ સંસ્કૃતિ, નવીનતા વગેરે જેવા ગુણોના આદાન–પ્રદાન કરે છે. જેથી ધીમેધીમે પરસંસ્કૃતિની અસર હેઠળ આવે છે. પણ સામાજિક પરંપરાને કારણે તેઓ તે સંપૂર્ણ બદલી કરી શકતા નથી.

ભારતીય વ્યકિત અન્ય દેશની કે પશ્ચિમી દેશની સંસ્કૃતિમાં આવવાથી તે સંકોચ અનુભવે છે. પરંતુ સમયના વહેણની સાથે ભારતીયો ત્યાં મોટાપાયે મોલમાં જાય છે. ત્યાંની સંસ્કૃતિના સંપર્કમાં આવે છે ત્યારે તે પોતાની સંસ્કૃતિમાં પણ પરિવર્તન લાવે છે. અને તે મુજબ દુકાન કે મેળામાંથી ખરીદી નહી કરી મોટા મોલમાં એકથી વધારે જુદીજુદી ચીજવસ્તુની ખરીદી કરે છે. તેનું મુખ્ય કારણ ભારતમાં ભરાતા મેળાનો કોઈ સમય નક્કી ન હોય કોઈક વાર ત્રણ, છ કે બાર મહિનામાં એક વાર ભરાતો હોય છે. જયારે હાટ પણ અઠવાડિયા કે પખવાડિયા મુજબ ભરાતું હોય છે. જેથી રોજેરોજની ખરીદી મોલમાંથી કરે છે.

વળી, ભારતમાં સમાજના સંમેલનો સમાજના પ્રતિનિધિઓ, પ્રમુખો કે આગેવાનો ભેગા મળીને નકકી કરતા હોય છે. અને તેમાં ચર્ચા કરવાના પ્રશ્નો ચર્ચાના સમયે અથવા અગાઉથી નકકી કરવામાં આવતા હોય છે. વળી, તેમા સમાજના પ્રમુખો/ આગેવાનો દ્વારા નિર્ણયો લેવાતા હોય છે.

ભારતીય ડાયસ્પોરા અન્ય દેશમાં ગયા હોય ત્યારે ત્યાં વસતા ભારતીયો ત્યાં સંમેલનો ભરવા માટે સૌપ્રથમ ત્યાંની સરકાર પાસે મંજુરી મેળવવી પડે છે. ત્યારે તેમાં તારીખ અને સમય અગાઉથી નકકી કરી મંજુરી મેળવવી પડે છે. વળી, તેમાં જુદાજુદા લોકો ભેગા થઈને પ્રશ્નોની ચર્ચા કરી લોકો સર્વાનુમતે નિર્ણય લે છે અને તે મુજબ બધા તેનું અનુકરણ કરે છે.

**(૨.૫) ઊંચી ખરીદશકિત ( જીવનધોરણ ) :**

ભારતીય વ્યકિતઓ ભારતમાં જે પણ ચીજવસ્તુની ખરીદી કરે છે. ત્યારે તેની હૂંડિયામણ રૂપિયામાં વ્યવહાર થતો હોય છે. જેથી તેઓ જે વસ્તુની ખરીદી માટે રૂપિયા વાપરે છે અને જે વસ્તુઓ ભારતમાં ટેક્નોલોજીના અભાવે ઉત્પાદન ન થવાથી બહારથી આયાત કરવી પડે છે એટલે જયારે અન્ય દેશ પાસેથી આયાતનો પ્રશ્ન ઉભો થાય ત્યારે વિદેશી હૂંડિયામણની વપરાય છે અને તે ડોલરમાં હોવાથી રૂપિયાનું મૂલ્ય ઓછું હોવાથી વધારે રૂપિયા ખર્ચીને ઓછી વસ્તુની ખરીદી કરી શકે છે.

જયારે ભારતીય પોતાના દેશમાંથી પરદેશાગમન નોકરી કે ધંધા માટે જાય છે ત્યારે ત્યાં આવક ડોલરમાં હોવાથી ત્યાંના હૂંડિયામણ મુજબ જ ખરીદી કરતા વધુ વસ્તુની ખરીદી કરી શકે છે અને વધુ બચત પણ કરી શકે છે. વધુમાં જયારે તેઓ ત્યાંનું ચલણ ભારતમાં લાવવાથી તે ચલણથી ભારતમાં વધુ વસ્તુની ખરીદી કરી શકે છે અને ઊંચું જીવનધોરણ લાવે છે.

**(૨.૬) ઉત્સવો, પર્વો :**

ભારતીય સંસ્કૃતિમાં દરેક પર્વોનું ખૂબ જ મહત્ત્વ છે. જુદાજુદા સમુદાય, જાતિના લોકો દરેક તહેવારો કે પર્વોની ઉજવણી જુદીજુદી રીતે મનાવે છે. જેમકે દિવાળી, હોળી, નવરાત્રી, દુર્ગાપૂજા,

રમઝાન, પતેતી વગેરે જેવા તહેવારોનું મહત્ત્વ તેમજ ઉજવણી જુદી રીતે થાય છે. તેની સાથે તેના પહેરવેશોનું પણ મહત્ત્વ હોય છે અને જે પણ તહેવારો અનેક પ્રકારની સત્ય ઘટનાની સાથે જોડાયેલા હોય છે. તેની સાથે ભોજન, સ્નાન, કપડા, શૃંગાર, પાઠપૂજા વગેરે પણ જોડાયેલ છે. એટલે તે મુજબ તહેવાર નિમિત્તે પહેરવેશ કે ખોરાક નક્કી થાય છે. અને સાથે સંગીત પણ હોય છે. ખેડૂતો ખેતરોમાં ગીત ગાઈ અનાજ રોપે છે. પશુપાલન વખતે પશુઓને ચરાવવા માટે મધુર ગીતો ગાઈ છે. જેવી રીતે શાસ્ત્રોમાં લખેલ મુજબ શ્રીકૃષ્ણ ભગવાન મોરલી વગાડી ગાયો ચરાવતા હતા. સ્ત્રીઓ પણ ઘરના કામકાજમાં લોકગીત ગાતા કામગીરી કરતા રહે છે. નાટકોની ભૂમિકા જેવી કે, રામાયણ, મહાભારતના પાત્રો જેવા પણ મનોરંજન તેમજ આધ્યાત્મિક નાટકોની ઉજવણી કરતા પર્વોની મજા માણે છે.

જ્યારે અન્ય દેશોમાં ભારતીયો અન્ય સંસ્કૃતિના વહેણમાં પોતાની સંસ્કૃતિની પરવા કરતો નથી તેથી ભારતીય સંસ્કૃતિ ધીમેધીમે લુપ્ત થતી જાય છે. કારણ કે તેની ઈચ્છા અને અધિકાર સ્વતંત્ર હોવાથી તે ધીમે ધીમે ભારતીય સંસ્કૃતિને ક્રમશઃ ઓછી કરી વિદેશી સંસ્કૃતિ જેવી કોન્ફરન્સ, વિક એન્ડ ના મનોરંજન, પાર્ટી કે કલબ વગેરે જેવા પ્રસંગો કે પર્વોએ સ્થાન લીધું છે. અને કેટલાક ડાયસ્પોરા પોતાની સંસ્કૃતિના પર્વોની ઉજવણી માટે તૈયાર હોય છે. પણ વર્તમાન સમય અને સત્તા તેમણે અટકાવે છે. જેથી તે સંસ્કૃતિ વચ્ચે તફાવતની ખાઈ વધતી જાય છે.

### (૨.૭) તીર્થોનો મહિમા :

ભારતીય સંસ્કૃતિ ધર્મના આંચળમાંથી મોટી થાય છે. સંસ્કૃતિની સાથે ધર્મનો પણ ઘનિષ્ઠ સંબંધ છે કુદરતે તેના અનેક રૂપોમાં દરેક ધર્મના લોકો માટે તીર્થો બનાવેલ છે જેમકે, નર્મદાના ઘાટોમાં કબીરવડ, શુકલતીર્થ, ચાંદોદ (કે જયાં હાલ પીંડદાન માટે), ગંગાનદીના ઘાટોમાં હરિદ્વાર, બનારસ, કાશી, અલ્હાબાદ વગેરે સૌથી મહત્ત્વના તીર્થસ્થળ બનેલ છે. તેવી જ રીતે પર્વતોની વાત કરીએ તો પાવાગઢ મહાકાલિ, આરાસુરના મા અંબા, ચોટીલાના ચામુંડા મા, ઉનાઈમાં ગરમ પાણીના કુંડના પાણીના સ્નાનનો મહિમા, પુષ્કરરાજનો મેળો, નાસિકના કુંભમેળા વગેરે જેવા

તીર્થોની મહિમા પણ સંસ્કૃતિ સાથે જોડાયેલું છે. ભારતના વિવિધ સંપ્રદાયના લોકો તેમના તીર્થો, પ્રસંગો તેમજ વિધિઓ મુજબ મહત્ત્વ ધરાવતી લોકો તેની મુલાકાત લે છે. અને તેના કારણે પણ સંસ્કૃતિનો વિસ્તાર કે દર્શન થાય છે.

પશ્ચિમી સંસ્કૃતિ માટે એરિસ્ટોટલનાં જણાવ્યા મુજબ તાર્કિક અને બોધ્ધિક પ્રભાવથી નક્કી થાય છે. તાર્કિક અને બૌધ્ધિક મુજબ તીર્થોનું મહત્ત્વ પણ સજીવ કે નિર્જીવ બનાવી શકે છે. એટલે કે વિદેશી લોકો કે જે જૂની સંસ્કૃતિ અને માન્યાતાઓને ટ્રેકનોલોજી અને વિજ્ઞાનના કારણે અસર ઓછી થતી તેમજ નષ્ટ થતી જોઈ શકે છે. વિજ્ઞાન દરેક વસ્તુના પાયામાં જઈ તે અંગેનો ઈતિહાસ મેળવી તે અંગેની બાબતો રજૂ કરે છે. જેથી પરિવર્તન વગેરે જેવી બાબતોને ધ્યાને લઈ અમેરિકા કે જાપાન જેવા દેશોએ દરેક વસ્તુ કે સ્થળનું મહત્ત્વ નક્કી કરે છે. તેઓ મૌલિક ભ્રમના આધારિત ગણાતા હોય છે અને તેના જ આધારિત અમેરિકા અને જાપાન જેવા વિકાસશીલ દેશોમાં વસતા લોકો આ બધાજ તીર્થોનું મહત્ત્વ ઓછી કરી તેઓ હરવા–ફરવાના સ્થળો જેવા કે, સમુદ્ર કિનારે, પર્વતો પર ટ્રેકીગ, ગાર્ડનમાં કે મ્યુઝિકલ પાર્ટીઓમાં જવાનું પસંદ કરી નવી સંસ્કૃતિ અસ્તિત્ત્વમાં આવી છે.

**(૨.૮) ખોરાક :**

ભારતમાં લોકો ઉપવાસ કે વ્રત કરતા હોય છે અને તે મુજબ ખોરાક પણ ખાય છે જેથી તેઓ ખોરાકમાં તેલ, ઘી, મિઠાઈઓ વગેરે જેવો ભારે ખોરાક ખાતા હોય છે અને સમયસરનું ભોજન લે છે. કોઈકવાર એક વખતનું ભોજન લેવાથી તેઓને વ્રત કે તપની સાધના થઈ શકે છે. તેઓ ખોરાકમાં ભાત, દાળ, શાકભાજી, દૂધ, માસાંહાર વગેરે જેવા ભારે ભોજનો લેતા હોય છે. જેથી તેઓમાં સુગર અને કોલેસ્ટરોલ જેવાં રોગ પણ થાય છે. જ્યારે આજ ભારતીયો વિદેશમાં જાય છે. તેઓ Health Conscious બની જતા હોવાથી તેઓના ખોરાકમાં પણ બદલાવ આવે છે. ડોકટરના જણાવ્યા મુજબ તેઓ છ વખત ખોરાક લે છે. જેમાં બે વાર ખોરાકમાં દાળ, ભાત, કઠોળ વગેરે અને ચાર વાર વખત ફળો અને કસરત, પ્રાણાયામ અને યોગાની સલાહ આપે છે. જેથી લોકો સવારે ચા સાથે નાસ્તો, બપોરે જમવાનું અને સાંજે મિલ્કશેક જેવી વસ્તુઓ ખોરાકમાં લે છે. જેથી

ત્યાંના ડોક્ટરોની સૂચના મુજબ ખોરાક લે છે. જેથી બંને દેશોની ખોરાકમાં ભિન્નતાઓ જોવા મળે છે.

**(૩) સંસ્કારો :**

સંસ્કાર એ ભારતીયોનું અલગથી તરી આવતું એક આભુષણ છે. માનવી જન્મતાની સાથે જ સંસ્કારો દ્વારા તેનું ઘડતર થાય છે. બાળકને નમન કરવાનું, માતા–પિતાની સેવા કરવાની, વડીલોને માન આપવાનું, સત્યના માર્ગ પર ચાલવાનું વગેરે જેવા ગુણો ( સંસ્કાર ) આપવામાં આવે છે. તેથી બાળક ધીમેધીમે બાળક મોટા થઈ વયસ્ક થાય ત્યારે તે લગ્ન વખતે પણ માતા–પિતાની આજ્ઞા મુજબ લગ્ન કરવા તેમની પસંદગીની કન્યા કે વર સાથે લગ્ન કરે છે અને પોતાના માતા–પિતા સાથે પોતાના બાળકો સાથે જીવનભર રહે છે. ભારતમાં આજના સમયમાં પણ સૌથી વધારે સંયુકત કુંટુંબો જોવા મળે છે. ભલે પછી એક માતા–પિતાના એકથી વધારે સંતાન હોય ? જયારે માતા પિતા મૃત્યુ પામે ત્યારે તેની વિધી તેમજ તેના શ્રાધ્ધ અને તર્પણ વિધિ માટે તીર્થ સ્થળે પણ જાય છે. આમ, ભારતમાં માનવીના જન્મની સાથે જ તેના સંસ્કારો જેમ નાનું બાળક મોટું થાય તેમજ સંસ્કારોમાં પણ વૃદ્ધિ થતી જોવા મળે છે.

જયારે ભારતીય ડાયસ્પોરા કે જે અન્ય દેશમાં કે પશ્ચિમી સંસ્કૃતિમાં પ્રવેશે છે. ત્યારે સંસ્કારોથી ભરેલ ભારતીય તે બીજી સંસ્કૃતિ સાથે તાલમેલ બેસાડવા માટે પ્રયત્ન કરે છે. કારણ કે અન્ય દેશમાં જયારે બાળકનો જન્મ થાય છે. ત્યારે તે ભારતની જેમ સંસ્કારો સિંચવા જાય છે. ત્યારે ત્યાંની પરિસ્થિતિ મુજબ સમયના અભાવે પૂરતો સમય આપી શકતો નથી. વળી આદર, માનના બદલે મિત્રભાવ જેવી ભાવના જન્મે છે. સમયના વહેણની  સાથે જયારે બાળક વયસ્ક થાય ત્યારે પોતાના જીવનસાથીની પસંદગી પોતાની મરજી મુજબની છોકરી પસંદ કરે છે. તે પણ જ્ઞાતિની મર્યાદા તોડી અન્ય જ્ઞાતિની છોકરી પસંદ કરી લગ્ન કરે છે. ત્યારબાદ જયારે પોતાનો પરિવાર એટલે કે બાળકોનો જન્મ થતા જ તે માતા–પિતાથી અલગ થઈને વિભકત કુંટુંબમાં જીવન જીવે છે અને મૃત્યુ વખતે મુખ્ય વિધિ બાદ પોતાના કામે લાગી જાય છે. આમ, ભારતમાં જેમજેમ બાળક મોટું થાય તેમ સંસ્કારોમાં પણ વૃદ્ધિ થાય છે. જયારે ભારતની બહાર જેમજેમ બાળક મોટું થાય ત્યારે સંસ્કારોમાં ઘટાડો જોવા મળે છે.

**(૪) આફત :**

ભારતીય સંસ્કૃતિમાં જયારે પણ કોઈ કુદરતી આફત આવે છે ત્યારે તે કુદરતની નારાજગી છે કે કલયુગ છે એવું માનીને તેના ગર્ભમાં જોઈ શકતો નથી કે તે શા માટે બની અને તેને દુર કરવા પ્રયત્ન કરતો નથી કારણ વશંપરંપરાગત તે જ ચાલતું આવતું તે જ પોતાના બાળકોને શીખવામાં આવતુ તે મુજબની સંસ્કૃતિ હતી.

આજે જયારે ભારતીય ડાયસ્પોરા કે જે અન્ય દેશમાં જાય છે ત્યારે ત્યાં બનતી કુદરતી ઘટનાઓ માટે ત્યાંના લોકો તેને કુદરતી આફતને બદલે પર્યાવરણ સાથે થયેલ ચેડાના ભાગરૂપે ગણે છે અને વૈજ્ઞાનિકો દ્વારા તે ઘટના કેવી રીતે બની તે અંગે વિચારણા લાગે છે. દા.ત. ભારતમાં છેલ્લા બે વર્ષથી વરસાદની ઘટ અથવા દુકાળ જેવી પરિસ્થિતિ હોય આજની સમયમાં ગામડામાં એવી માન્યતા પ્રર્વતે છે કે કુદરત નારાજ છે. જયારે તે વૈજ્ઞાનિકની દષ્ટિએ જોતા તે 'ગ્લોબલ વોર્મિંગ'ને કારણે ગરમી તેમજ વરસાદની ઘટ જોવામાં આવે છે. વળી, તે ઘટના ભવિષ્યમાં બને તો તે કેવી રીતે દુર કરવાના પણ પ્રયત્ન કરે છે. આમ, ત્યાંની સંસ્કૃતિ મુજબ વૈજ્ઞાનિક દષ્ટિએ જોવાનું કરે છે.

**(૫) રૂઢિચુસ્તમાંથી Flexibility (સંપૂર્ણ સ્વતંત્રતા) :**

ભારતમાં પ્રાચીન સમયમાં જ્ઞાતિ–ભેદભાવ, ઉંચનીચના ભેદભાવ, અછુત વગેરે બાબતો વચ્ચે માનવી ઘેરાયેલો હતો. એટલે કે જયારે માનવી વર્ણવ્યવસ્થાના કારણે તે અમુક બાબતોને કારણે પોતાના કાર્ય માટે તેમજ ધંધા કે નોકરીમાં પણ તે અંગેની સંસ્કૃતિ જોવા મળતી નથી. જેને કારણે હોંશિયાર અને નિષ્ણાંત વ્યકિતઓ કે જેના લીધે વિકાસ થઈ શકે તે અટકી જતો હતો.

ભારતીય ડાયસ્પોરા ગમે તે જ્ઞાતિ કે વર્ણનો હોય પણ જો તે બુધ્ધિશાળી કે પ્રભાવશાળી હોય તો પણ તેની સાથે કામ કરી તેને આગળ વધવાની પ્રેરણા મળે છે. જેથી દેશનો વિકાસ થઈ શકે છે. આમ, માનવીએ જયારે જરૂર પડયે ત્યારે રૂઢિચુસ્તા ખંખેરીને Flexible બનવું જોઈએ.

**સમાપન :**

સાંસ્કૃતિક ડાયસ્પોરામાં બહુમૂલ્ય કાર્ય પ્રદાન કરનારા ભારતીય વિદેશીઓનો જોટો જડે એમ નથી. તેના કારણો, લક્ષણોની વાત કરી, પરંતુ અહીં એ વાતનો ઉલ્લેખ જરૂર કરી શકાય કે દરેક ભારતીય વિદેશી ભલે થયા હોય પણ સ્વદેશની સંસ્કૃતિને આજે પણ તેઓએ પોતાના જીવનમાં, વ્યવહારમાં અને વર્તનમાં જીવંત રાખી છે. એ જ ભારતીય સંસ્કૃતિનું જમા પાસુ છે એમ કહું તો કશું ખોટુ નથી ! આજે વિશ્વના ઘણા દેશોમાં ગુજરાતીઓનો વસવાટ છે અને તેઓ અલગ તરી આવે એ તેમની વિશેષતા છે. આમ, વિવિધ દેશોમાં વસવાટને કારણે દરેક ગુજરાતીઓ પોતાની અનુકૂળતા પ્રમાણે જે તે દેશ અને સ્થળે સ્થાયી થયો અને ત્યાં તે સીધા સ્થાનિક પ્રજાના સંપર્કમાં આવે છે.

આઝાદી કાળથી જ વિવિધ સ્વતંયત્ર્યવીરો અને સમાજ સુધારકોએ વિવિધ દેશોની મુલાકાત લેતા પરંતુ તે મુલાકાત આઝાદી મેળવવા માટેની હતી તેથી તે બાબતની વાત ડાયોસ્પોરામાં ન પણ આવે, પરંતુ જયારે–જયારે વસવાટ અને વિદ્યાર્થી સમૂહની વાત કરીએ ત્યારે પ્રસંગોપાત ઉભા થતા. ઉત્સવો એ ભારતીય રીતભાતના લક્ષણોનું બયાન કરે અને એ જે તે સ્થળ પર ઉજવે તે આ વિષય અનુરૂપનું મહત્ત્વ સર્જે છે. આમ વિવિધ દેશોના નિયમો જેને એવરનેશ કહેવામાં આવે છે. તે ભારતમાં આવ્યા પછી અહીં પણ તેનો અમલ કરાવવામાં અને કરવામાં પ્રયત્નશીલ રહે છે. આ એક સુધારાનો ખ્યાલ સામાજિક ડાયસ્પોરાનું લક્ષણ કહી શકાય છે. પ્રસંગો, ઘટનાઓ એ ડાયસ્પોરાના લક્ષણો બતાવે છે. સામાજિક પરંપરામાં બદલાવ બને સામાજિક વૈચારિક પરિવર્તન એ આવ્યું એ આ અભ્યાસનું પરિણામ કહી શકાય.

વિદેશી જયારે સ્વદેશી થાય ત્યારે ભારે સ્વભાવિક પણે સમાજ તેના પર આશાઓ ઘણી રાખતો હોય છે. સુધારાની મદદની અપેક્ષા સેવતો હોય અને એ અપેક્ષા પરિપૂર્ણ પણ  થાય છે અને સમાજમાં એ કાર્યની પ્રતિષ્ઠા વધે એમાં સામાજિક સંસ્કૃતિ ડાયસ્પોરાનું લક્ષણ ગણી શકાય. આજે

ભારતીય વિદેશીઓ દ્વારા થતા લગ્નમાં ધૂમ ખર્ચા એ મહામૂલ્ય પૈસાનો ખર્ચ જેમાં તેને તો આનંદ છે જ પરંતુ એના થકી સમાજ સુધારા કરે એ બાબતે પ્રયત્નશીલ રહયો છે એમાં બે મત નથી. વિવિધ ઉત્સવો દ્વારા વિવિધતામાં, કપડામાં, ખોરાકમાં કે પછી હરવા ફરવા કે દારૂ (વાઈન) પીવામાં કોઈ પાછા પાની કરતા નથી જેથી વ્યકિતની સ્વતંત્રતાની પણ વાત અહીં ઉલ્લેખનીય છે. આ થકી સમાજના કારીગર વર્ગને રોજી રોટી મળે એ એક આર્થિક વિચાર પણ સારો છે એમ કહી શકાય.

સમાજનો છેવાડાનો વ્યકિત પોતાના રીતભાતોને વળગી રહયો છે અને પરંપરા અનુસાર એ રીતભાતોને ગમે તે કરીને ઉજવે છે. પરંતુ ભારતીય વિદેશોઓ એ પરંપરામાં થોડું વિદેશીઓની લાક્ષણિકતાઓ ઉમેરી એ રીતભાતને ઉજવે છે અને પ્રસંગ પૂરો કરે છે. પછીને મૃત્યુ હોય કે જન્મ દરેક ઉત્સવમાં તેના કેન્દ્રમાં સુખ, સમાધાન અને શાંતિ હોય છે. જયારે ભારતીય રીતભાતની પરંપરામાં કેન્દ્રમાં ફકત ને ફકત ઈશ્વર (ભગવાન) હોય છે એમ છેલ્લે સાબિત થાય છે. અહીં વ્યકિત સ્વાતંત્ર્યની સાથે સાથે સમૃદ્ધ સમાજ બને એવા પ્રયત્નો કરે છે તેમજ સમૃદ્ધ ગામ બને એવા પ્રયત્ન કરે છે. એ જ ભારતીય વિદેશીઓની ડાયસ્પોરાની વિશેષતા છે એમ કહું તો કશું ખોટું નથી.

આમ, 'સાંસ્કૃતિક ડાયસ્પોરા' એ એક સંશોધન અને ચર્ચાનો વિષય છે અને ઘણો વ્યાપક છે તેની સીમા નકકી કરવી અશકય છે. એટલે અહીં ઉત્સવો અને માનવસમૂહને કેન્દ્રમાં રાખી તેમાં થતા બદલાવો, ખર્ચાઓ વગેરેનું વિસ્તૃત ચર્ચા કરી છે.

સંદર્ભ ગ્રંથો :

(૧) ગુજરાતી વિશ્વકોશ ખંડ–૨૨ : સં. ડૉ. ધીરૂભાઈ ઠાકર : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ જાન્યુઆરી–૨૦૦૭, પ્રથમ આવૃતિ.

(૨) ભારતીય સંસ્કૃતિ – લેખક. રમણલાલ વ.દેસાઈ, પ્રાચ્ય વિદ્યા મંદિર, મહારાજા સયાજીરાવ વિશ્વ વિદ્યાલય, વડોદરા ૧૯૬૩.

(३) हम ओर पश्रिम स्वामी सच्चिदानंद अनुवाद नवनीत टककर प्रकाशक साहित्य संकुल,चौटा बाजार,सुरत,2003

(४) मेरी जीवन्त संस्कृति ले.रामानन्द तिवारी “भारतीनन्दन” भारतीय पुस्तक मंदिर (चौबुॅजा) भरतपुर,राजस्थान.1972.

(५) मानव सभ्यता का विकास–1 ले. दीनानाथ वर्मॉ प्र. ज्ञानदा प्रकाशन (पी एण्ड डी) 2006 नई दिल्ली.